# હેપ્પી બર્થ ડે ટુ અવર બીલવ્ડ પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્રભાઈ મોદી...

નરેન્દ્રભાઈ મોદી. આ નામ આગળ કોઈ વિશેષણ લગાવવાની જરૂર પડતી નથી. કેમ કે આખા વિશ્વમાં હવે આ નામ જ એક અલગ પહેચાન બનીને ઉભરી આવ્યું છે. સર્વજન હિતાય અને સર્વજન સુખાય સારુ દેશના જન જન માટે વિકાસનું એવુ તો અભિયાન આદર્યું કે સામાન્ય વ્યક્તિથી માંડીને ઉચ્ચ વર્ગના વ્યક્તિઓ, બૌધિકોમાં અને દેશના ખૂણે ખૂણામાં અને વિદેશોમાં પણ આ નામ આદરપૂર્વક ગાજી રહ્યું છે. સામાન્ય નાગરિક તેમને મોદી કે પછી નરેન્દ્રભાઈ કે સાહેબ કે પછી નમો તરીકે પ્રેમથી બોલાવે છે. એક સફળ વ્યક્તિત્વની આ જ તો છે નિશાની. સૌ કોઈને એ પોતિકા લાગે. ભારતના રાજપુરુષ તરીકેની તેમની સફળતાનું કદાચ એક કારણ એ પણ હોઈ શકે છે કે તેઓનુ કામ બોલ્યું છે. દેશને વિકાસની નવી રાજનીતીનો વ્યવહારિક ઉકેલ આપીને દેશને સુચારુરૂપથી વિકાસ તરફ દોરી તેઓ ગયા છે. વડાક્કધાન બન્યાં બાદ દેશવાસીઓ અને દેશની ઉન્નતી માટે સ્વાસ્થ્ય, સંરક્ષણ, શિક્ષણ, સામાજલક્ષી, રોજગાર, ઈન્ફ્રાસ્ટ્રકચર, ઈન્ફર્મેશન ટેકનોલોજી સહીતના એક પછી એક કામો હાથ પર લઈને વિકાસની એવી તો અલખ જગાવી કે ભારત જ નહી પરંતુ સમગ્ર વિશ્વ વિકાસની રાજનીતીથી ભારતમાં થયેલા બદલાવને આખો પહોળી કરીને જોઈ રહ્યું છે. હવે તો વિશ્વના દેશોમાં પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસનો એજન્ડા ચાલ્યો છે.



પહેલા ગુજરાતને અને હવે ગુજરાત સહીત સમગ્ર દેશને વિકાસના ફળ ચખાડીને વૈશ્વિક લેવલે ભારત માતાનું નામ રોશન કરી પોતાની કાર્યશૈલીથી વૈશ્વિક વ્યક્તિત્વ બની ગયેલા દેશના લોકલાડિલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો તા.૧૭ સપ્ટેમ્બરે જન્મદિન છે ત્યારે આ દેશવાસીઓ તેમના પર અનેક શુભકામનાઓ અને શુભેચ્છાઓ વરસાવી રહ્યાં છે. અને કેમ ના વરસાવે ૨૦૦૧માં ગુજરાતનું સુકાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંભાળ્યું ત્યાર પછી તેઓ પલાંઠીવાળીને બેઠા જ નથી તેમ કહીએ તો અતિશયોક્તિ નહી લાગે. ગુજરાતના મુખ્યમંત્રી બન્યાં બાદ તે સમયની ગુજરાતની પરિસ્થિતિ નો તાગ મેળવીને ગુજરાતને ભવ્ય અને દિવ્ય બનાવવા વિકાસનો મજબુત પાયો એમણે નાંખ્યો. વિકાસની રાજનીતીનો આ પાયો એવો તો બેનમુન અને મજબુત બન્યો છે કે તેનું અનુકરણ અન્ય રાજ્યો અને દેશના પ્રદેશો કરી રહ્યા છે. દેશની સમૃદ્ધિ માટે વિકાસની અલખ જગાવીને દુનિયા સાથે એવા તો કદમ મિલાવ્યાં કે આજે વિશ્વમાં ભારતની નોંધ લેવાય છે, દેશનું નામ આદર સાથે લેવાવા લાગ્યું છે. ગુજરાતની ધરતીએ મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, રવિશંકર મહારાજ, નરેન્દ્રભાઈ મોદી જેવા સપૂતો આપ્યા છે જેમણે ગુજરાત સહીત દેશનું નામ વૈશ્વિક સ્તરે રોશન કર્યું.

૨૦૦૧માં જ્યારે ગુજરાતના મુખ્યમંત્રીપદે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તાના સુકાન સંભાળ્યા તે પછી રાજ્ય અને રાજ્યની જનતા માટે પંચ શક્તિના આધારે ગુજરાતનો સર્વાંગી વિકાસ કર્યો. જ્ઞાન શક્તિ , રક્ષા શક્તિ, જળ શક્તિ, જન શક્તિ અને ઉર્જા શક્તિ આ પંચશક્તિ એક વિચાર હતો અને તેના દ્વારા રાજ્યનો સમુચિત વિકાસ થયો. રાજ્યમાં કે પછી દેશમાં જો સ્થિર શાસન હોય, કામ કરવાની દ્રઢ રાજકીય ઈચ્છાશક્તિ હોય અને લોકોનો સાથ મળે તો તે રાજ્ય કે દેશમાં વિકાસ કાર્યોનો તેજ રફતારથી આગળ ધપતા હોય છે. આ બધુ જ ગુજરાતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં થયું અને તે સમયે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુત્ર આપ્યું - સૌનો સાથ, સૌનો વિકાસ. આજે સમગ્ર વિશ્વમાં આ સુત્રની ગુંજ સંભળાય છે.

વાયબ્રન્ટ ગુજરાતનો નવો કોન્સેપ્ટ અમલમાં મુકીને સમગ્ર વિશ્વને ધંધા રોજગાર માટે ગુજરાતમાં બોલાવ્યાં. દેશ વિદેશના ઉદ્યોગગૃહોએ ગુજરાતમાં પોતાના બિઝનેશ શરૂ કર્યા અને રાજ્યમાં રોજગારીના અનેક નવા દ્વાર ખુલ્યાં. વાયબ્રન્ટ ગુજરાતની આવકારદાયક પહેલ કરીને ગુજરાતને વિશ્વમાં વાયબ્રન્ટ કર્યું. દર બે વર્ષે દેશ વિદેશના ઉદ્યોગપતિઓ, દેશ વિદેશના રાજદુતો, વડાઓ ગુજરાતમાં આવતા થયા અને પોતાના ધંધા રોજગાર ગુજરાતમાં વિકસાવવા માટે ઉત્સુક બન્યા. શ્રી રતન તાતા, શ્રી મુકેશ અંબાણી, શ્રી કુમાર મંગલમ બિરલા સહીત દેશના ટોચના ઉદ્યોગપતિઓએ મુડી રોકાણ માટે ગુજરાતને પ્રાધાન્ય આપ્યું.

- **જન શક્તિનો સૈલાબ આજે તેમની સાથે છે ત્યારે વિકાસપુરૂષ ગુજરાતના પનોતા પુત્ર લોક લાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જન્મ દિને કોટી કોટી વંદન.**
- **દેશની સમૃદ્ધિ માટે વિકાસની અલખ જગાવીને દુનિયા સાથે એવા તો કદમ મિલાવ્યાં કે આજે વિશ્વમાં ભારતની નોંધ લેવાય છે, દેશનું નામ આદર સાથે લેવાવા લાગ્યું છે.**

શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્ય મંત્રી પદે હતા ત્યારે તેઓએ અનેક યોજનાઓ બનાવીને નાગરિકોને લાભાન્વિત કર્યા છે. પ્રવાસન, શિક્ષણ, રમત ગમત, આરોગ્ય, વ્યાપાર, ગ્રામ વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ, ઈન્ફર્મેશન ટેકનોલોજી, ઈ ગવર્નન્સ જેવા વિવિધ ક્ષેત્રે નક્કર યોજનાઓ થકી ગુજરાતનો સુવ્યવસ્થિત રીતે વિકાસ યજ્ઞનો તેમણે આરંભ કર્યો. જેનો લાભ આજે ગુજરાત લઈ રહ્યું છે. વંચિતોને આગળ લાવ્યાં, આદીવાસી સમાજ માટે વનબંધુ કલ્યાણ યોજના, માછીમારો માટેની સાગર ખેડૂ યોજના, ખેલ મહાકુંભનો પ્રારંભ કરાવ્યો, વિદ્યાર્થીઓને સાયકલ આપી. આવી તો અનેક યોજનાઓ થકી ગુજરાતને દરેક ક્ષેત્રે અગ્રેસર બનાવ્યું.

એમના જન્મદિને શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાતે વિકાસની દિશામાં ભરેલી હરણફાળ પૈકી કેટલીક બાબતોનુ આચમન કરીને આપણે એક ગુજરાતી તરીકે ગૌરાંવિત થઈએ.

● સ્પેશ્યલ ઈકોનોમી ઝોન અને ઈન્ડસ્ટ્રીયલ પાર્કસ એક્ટ શરૂ કરવામાં ગુજરાત અગ્રેસર બન્યું.● ખેતમજુરોને ઓળખકાર્ડ આપવાની પહેલ ગુજરાતે કરી. ● એશિયામાં સૌથી વિશાળ ઓપ્ટીકલ ફાઈબર નેટવર્ક જી-સ્વાન ઉભુ કર્યું.● નાગરિકોની ફરીયાદ નિકાલમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ઉપયોગમાં ગુજરાતને અગ્રેસર બનાવ્યું. ● ગુજરાતમાં સાંધ્ય કોર્ટનો ક્કઆરંભ કરાવી નવતર પહેલ કરી.● ઝડપી ન્યાય માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની રચનામાં ગુજરાતને અગ્રેસર બનાવ્યું.● દેશભરમાં મીઠાનાં ઉત્પાદનમાં ગુજરાતને ક્કથમ હરોળનું રાજ્ય બનાવ્યું. ● કુપોષણ નાબુદી માટે ફોર્ટીફાઈડ આટાના વિતરણનો આરંભ ગુજરાતમાં કરવ્યો. ● વિદ્યાર્થીઓની ઉચ્ચ કારકીર્દી માટે રક્ષાશક્તિ યુંનિવસિટી, ફોરેન્સિક સાયન્સ યુંનિવસિટી, પેટ્રોલિયમ યુંનિવસિટી જેવી અતિ વિશિષ્ટ યુંનિવસિટીઓ ગુજરાતમાં શરૂ થઈ. ● વિશ્વમાં સૌથી ઉંચી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રક્કતિમા, સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવીને સરદાર સાહેબને ભાવાંજલિ અર્પીને ગુજરાતના આદીવાસી વિસ્તારને દુનિયાના નકશા ઉપર વિશિષ્ટ સ્થાને મુકી દીધો. ● ક્લાઈમેટ ચેન્જનો અલગ વિભાગ બનાવીને ગ્લોબલ વોર્મિંગના અસરકારક સામના માટે ગુજરાતને અગ્રેસર બનાવ્યું. ● સોલાર પાવર પોલીસી - ૨૦૦૯ જાહેર કરનાર સૌ પ્રક્કથમ ગુજરાત રાજ્ય બન્યું. ● રોજગાર વિનિમય કચેરીઓ દ્વારા યુવાનોને રોજગારી આપવામાં સૌથી આગળ ગુજરાતને રાખ્યું.● ગુજરાતના તમામ પોલીસ સ્ટેશનનોનું કમ્પ્યુટરાઈઝેશન કરાવ્યું. ● સમગ્ર દેશમાં જમીનનાં દસ્તાવેજોનું ઈ-ધારા ક્કપ્રોજેક્ટથી કમ્પ્યુટરાઈઝેશન કરવામાં ગુજરાતને અગ્રેસર બનાવ્યું.● ગુજરાતને ભારતનું સૌથી ઝડપી વિકાસ કરનાર રાજ્યો પૈકીનું રાજ્ય બનાવ્યું. ● ૨૧ નદીઓને જોડી દેશમાં ક્કથમ રીવર ગ્રીડની કલ્પનાને સાકાર કરાવી. ● ૨૨૦૦ કિલોમીટર લાંબી રાજ્યવ્યાપી ગેસગ્રીડ ધરાવતું દેશનું અગ્રેસર રાજ્ય ગુજરાતને બનાવ્યું. ● જેલોમાં આધુનિક સુવિધા સાથે વિડીયો કોન્ફરન્સીંગ દ્વારા જુબાની લેવાની શરૂઆત કરાવી.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના નાગરિકોને એવુ તો સુરક્ષા કવચ પુરુ પાડયું કે બહેન દિકરીઓ અડધી રાતે પણ એકલી ઘરે જઈ શકે તેવી સુરક્ષીત સ્થિતિનું નિર્માણ કર્યુ. આજે જ્યારે દેશ વિદેશના નાગરિકો ગુજરાતમાં આવે છે ત્યારે મહિલાઓ કે દિકરીઓની આવી સલામતી જોઈ આનંદ વ્યક્ત કરે છે. એમણે ગુજરાતના રોડ રસ્તાના કામ અત્યંત ઝડપથી અને નમુનેદાર બનાવ્યા છે. કોઈ પણ આપદામાં જરાય વિચલીત થયા વગર સ્થિર રહીને તેમાંથી કેમ ઉગરવું તેનો માર્ગ કાઢવામાં શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જોટો જડે નહી. આફતમાં પણ લોકોનો જોમ - જુસ્સો ટકી રહે તે માટે આફતને અવસરમાં પલટી દેવાનું સુત્ર એમણે સાચા અર્થમાં ચરીતાર્થ કરી બતાવ્યું છે.

સરકારી કામ હોય તો ગાંધીનગર જ આવવું પડે તે વિચારને બદલી નાંખતા તાલુકા લેવલે જ લોકોના કામ થાય તેવી વહીવટી પારદર્શીતા નરેન્દ્રભાઈ લાવ્યાં. ગુજરાતના હજ્જારો ગામોના અંધારા ઉલેચવાનું ભગીરથ કામ તેમણે તેમની કુશાગ્રતા અને નક્કર આયોજનથી પાર પાડ્યું. જ્યોતિગ્રામ દ્વારા ગામોને ૨૪ કલાક વિજળી મળી રહે તે માટેની પહેલ તેમણે કરી.

શિક્ષણમાં ડ્રોપઆઉટ રેશિયો ઘટે અને જન સામાન્યનું બાળક પણ શાળાએ અભ્યાસ કરવા જાય તે માટે શાળા -વેશોત્સવની અનોખી આવકારદાયક પહેલ કરીને સૌને શિક્ષણનો અવસર પુરો પાડયો. આ ઉપરાંત ગુણોત્સવ જેવા કાર્યક્રમો યોજીને પ્રાથમિક શાળાઓની ગુણાત્મક સુધારણાની પહેલ કરાવી.

ગુજરાતનો વિદ્યાર્થી ગુજરાતમાં જ રહીને અભ્યાસ કરી શકે તે માટે એન્જીનીયરીંગ, મેડીકલ સહીતની બેઠકો વધારી નવી કોલેજો, યુનિવર્સીટી શરૂ કરાવી. વાંચે ગુજરાત અભિયાનના અભિનવ વિચાર થકી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખરા અર્થમાં ગુજરાતને વાંચતુ કરી દીધું હતું. ગુજરાતમાં વેપાર ધંધાનો વ્યાપ વધે તે માટે સ્પેશ્યલ ઈકોનોમી ઝોન રચ્યાં. ગુજરાતમાં દુર દુર સુધી ખેડુતોના ખેતરોમાં નર્મદાના પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરીને ગુજરાતના લાખો ખેડુતો ભાઈઓના આશીર્વાદ તેમને મળ્યા છે.

ઈઝ ઓફ ડુઈંગ બિઝનેશને ક્કપ્રોત્સાહન આપ્યું છે. વ્યવસ્થાઓને સરળ બનાવીને ભારતને બિઝનેશ હબ બનાવવાની શરૂઆત થઈ છે.ક્ક પ્રધાન મંત્રી ફસલ વીમા યોજના દ્વારા પાકને સુરક્ષીત કરાયો છે. જૈવિક ખેતીને ક્કપ્રોત્સાહન તેમજ સોઈલ હેલ્થ કાર્ડ દ્વારા ખેતીને ક્કપ્રોત્સાહન અપાઈ રહ્યું છે. શિક્ષણના માળખાને સુદ્રઢ કરવા માટે સમગ્ર શિક્ષણ યોજના અમલમાં મુકાઈ છે. ગરીબો માટે આવાસ યોજના, પ્રક્કધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના, આયુષ્યમાન ભારત -પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, મુદ્રા અને સ્ટાર્ટ અપ યોજના જેવી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. અયોધ્યામાં પ્રક્કભુ શ્રી રામનુ ભવ્યાતિભવ્ય મંદિર બનશે ત્યારે ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિના દર્શન દેશ વિદેશના ભાવિકો કરી શકશે. શ્રી નરેન્દ્રભાઈ મોદી એવુ વ્યક્તિત્વ છે, એવા રાજપુરુષ છે કે જેઓ આગળની પેઢીના વિકાસની વાત કરે છે અને એટલે જ શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમની કાર્યશૈલીથી યુવાનોના રોલ મોડલ બન્યાં છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પહેલા ગુજરાતને અને હવે દેશવાસીઓને સર્વાંગી વિકાસની ભેટ આપી છે. જન શક્તિનો સૈલાબ આજે તેમની સાથે છે ત્યારે વિકાસપુરૂષ ગુજરાતના પનોતા પુત્ર લોક લાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જન્મ દિને કોટી કોટી વંદન.

### અમે

અમે જિંદગીના જિગરી યાર છીએ.
અમે છાકમછલ્લો પ્યાર છીએ.
કોઈ રોકે નહીં, કોઈ ટોકે નહીં;
અમે મનગમતો દરબાર છીએ.
અમે મનફાવે તો ઊડીએ છીએ
કે દરિયામાં જઈ ડૂબીએ છીએ;
અમે પ્હાડ ઉપરના સૂરજ થઈને
મધરાતે પણ ઊગીએ છીએ.
કોઈ છોછ નથીં, સંકોચ નથી :
અમે વહાલ તણી વણજાર છીએ.
શાણાઓ અમને પાગલ કહે છે :
એ સાચા છે! અમે ખોટા નથી.
એક વિશાળ દરિયો ઊછળે છે:
અમે ફૂટીએ એ પરપોટા નથી.
અમને ક્યાં કોઈ કાંઠો છે :
અમે દરિયાની મઝધાર છીએ.

- નરેન્દ્ર મોદી

# શ્રી નરેન્દ્ર મોદી...નૂતન ભારતના નિર્માતા

આ સદીની શરૂઆત થઈ અને ૯/૧૧ની અકલ્પનીય આતંકવાદી ઘટના બની. જગત સ્તબ્ધ હતું. વિશ્વ આખું નેતૃત્વની નવી વ્યાખ્યાઓ શોધવામાં લાગી ગયું હતું, જેને ચીલાચાલુ ઈતિ-હાશ-કારો સાવ 'લોકલ' સત્તાપરિવર્તન ગણતા હતા, એ જાણે કે ઈશ્વરની એક 'ગ્લોબલ' ડીઝાઈન હતી. ૭/૧૦/૨૦૦૧નું પરિવર્તન એના લાંબાગાળાના સુચિતાર્થો સાથે શ્રી નરેન્દ્ર મોદીને ગાંધીનગરમાં સત્તારૂઢ કરે છે. અસામાન્ય સંજોગો અને એક અસામાન્ય વ્યક્તિત્ત્વ કશીક વૈશ્વિક નિયતિ સાથે ગાંધીનગરમાં જાહેરવહીવટની એક જવાબદારી સંભાળે એને કાળના આ છેડેથી જોઈએ ત્યારે એક તદ્દન નવી દ્રષ્ટિ અને 'દિવ્ય-ડીઝાઈન' દેખાય છે. આજે એ ઘટનાને બે દાયકા પુરા થવામાં છે ત્યારે એક સિંહાવલોકન કરીને સમીક્ષિત કે તારણરુપ અવલોકનોને લખવા કે શબ્દોમાં અભિવ્યક્તવા અઘરા છે. આખો સંશોધન, સમસંવેદન અને સમકાલીન ઐતિહાસિકતાનો વિષય છે. ડૉક્યુમેન્ટેશન થયેલા આધારોથી બીગ-ડેટાના સામાજિક પરિમાણો અને જાહેરવહીવટના 'યુગપરિવર્તક સ્થિત્યંતરો' [Age-changer and not game-changer] ની ગહન સમીક્ષા કરવાની રહેશે. જો કે આજની એમના જન્મદિવસની વધામણીના ઉત્સાહમાં મારે ત્રણ પાસા આલેખવા છે. ચએકૃ શું છે જાદુ, એ વ્યક્તિત્ત્વનો .. ચબૃ જેને અંગ્રેજીમા paradigm shift એવા બદલાવની મોટી લાક્ષણિકતાઓ શું હઈ ? ચત્રણૃ એકવીસમી સદીના આ બેદાયકાની મજલ કેવા સંકેતો ઉભા કરી રહ્યા છે, માત્ર રાજનીતિ કે જાહેર વહીવટ જ નહીં પણ મનુષ્યતાની બહુઆયામી ઉત્ક્રાંતિને પુનઃવ્યાખ્યાયિત કરવાના છે. અને એ રીતે ભારતનો અમૃત મહોત્સવ એક વિરલ ઘટના તરીકે આલેખવી પડશે, અજમાવવી પડશે, આયોજવી પડશે.

### આશ

અજવાળાની આશા લઈને અંધારા ઉલેચ્યાં.
માનાં અંધારા ઉલેચ્યાં.
અજવાળાની આભા લઈને અંધારા ઉલેચ્યાં.
માનાં અંધારા ઉલેચ્યાં.
કાલચક્રની વીંધી કાલિમા
ઉજાસને અવ નહીં કોઈ સીમાં.
જ્યોતિ આજે પ્રગટી ઊઠી
જાણે નવ-રંગી પરવાળાં,
અજવાળાં અજવાળાં
અજવાળાની આશાલઈને અંધારા ઉલેચ્યાં.
ગતિ એક ને મતિ એક છે.
અચળ ટેક ને અચક નેક
ને જીવનભરનો ભેખ એક છે.
કુસંપના તો કાયમ માટે વાસી દીધાં છે તાળાં.
અજવાળાં અજવાળાં.
અજવાળાની આશા લઈને અંધારા ઉલેચ્યાં.
યશ-કીર્તિની કોઈ તમા નહીં
કોઈ ગમા કે અણગમાં નહીં,
હૈયામાં તો સદા ક્ષમા રહી
હૃદયને રામ તણાં રખવાળાં
અજવાળા અજવાળાં.
અજવાળાની આશા લઈને અંધારા ઉલેચ્યાં.

- નરેન્દ્ર મોદી

વિરાટ વ્યક્તિત્ત્વ...

શ્રી નરેંદ્રભાઈ મોદીના વિરાટ વ્યક્તિત્ત્વની ષટ્કોણીય છટાને ચમારે અંગ્રેજીમાં કહેવું હોય તો (Six-dimensional) સી-કારથી નીખરે છે.

[These are Character, Clarity, Courage, Communication, commitment and caring ( very delicate heart) ] આ સી-કારનું રક્ષાકવચ છે એટલે કોઈ શિકાર નથી કરી શકતું. આ એવા અંગ્રેજી શબ્દો છે જે સામાન્ય ભારતીયની સમજમાં આવી જાય.

- **These are Character, Clarity, Courage, Communication, commitment and caring ( very delicate heart.**
- **એમને તો દિશાના દેવતાઓ શુભેચ્છા આપશે પણ સાચી શુભકામના તો દેશવાસીઓ આચારથી આપે, વિચારથી આપે, મનની શુધ્ધતા અને વિશાળતાથી આપે.**
- **ભારતને વિશ્વગુરુ બનાવવો હશે તો નરસિંહ મહેતાની પંક્તિથી શુભેચ્છા આપીએ, 'આજની ઘડી તે રળિયામણી...'**

ચારિત્ર્યની ભેટ એમના વિવેકાનંદના બાર ગ્રંથોનાં વાંચનમાંથી આવી છે. જ્યારે અમે સ્વામી વિવેકાનંદની દોઢસોમી જન્મજયંતી ઉજવતા હતા ત્યારે એમના વિવેકાનંદના ચિંતનના એમના ઉંડા અભ્યાસની ઝલક મને મળી હતી, પણ એની વાત તો વિગતે લખીશું. ઘણું બધું એમના પ્રવચનોમાં, ખાસ કરીને જ્યારે સેમી-આધ્યાત્મિક ઑડિયન્સ હોય ત્યારે એમના ઉદગારોમાં, છલકાતું હતું તે યુગોનું ડહાપણ બહુ ગહન રીતે વહેતું રહેતું હતું અને વહ્યા કરે છે. મને કોઈ કહે એમના સાધુચરિત કે સંન્યાસીની આભાનું દર્શન થયું હો એવું એક ચિત્ર આપો તો હું કેદારનાથની ધ્યાનમુદ્રા જેટલું જ મહત્ત્વ ગંગા-આરતીના ગમ્ભીર-મુખ-મુદ્રા વાળી તસ્વીરોને પસંદ કરું. આઝાદ ભારતમાં કેમ કોઈ પ્રધાનમંત્રીને પતિતપાવની, સનાતન-ધર્મની પ્રવાહી પરંપરાની અધિષ્ઠાત્રી ગંગાની આરતી કરવાનો વિચાર નહીં આવેલો. આ ભારતવર્ષના પુનઃજાગરણનો બહુ મોટો ઘંટારવ છે.

બીજો સી છે, ક્લેરીટીનો. જેમ જેમ મોટા લોકોને મળીએ એમ ખ્યાલ આવે છે એમના મગજમાં ગોટાળા ચાલે છે, વિચાર સુરેખ ના હોય એ પોતાનું વિઝન કેવી રીતે સમજાવી શકે. ગાંધીનગરના રસ્તાઓ જેવી કે માનસરોવરના જળ જેવી વિચારોની સ્પષ્ટતા હોય તો જ નેતૃત્ત્વ નીખરે છે. આના અનેક ઉદાહરણ અભ્યાસી શકાય. આજે તો વાઈબ્રન્ટ સમિટ, પંચશક્તિપ્રેરિત જાહેર વહીવટ, ચિંતંશિબિર, મહાત્મામંદિર અને ઈંફ્રાસ્ટ્રકચર-ક્રાંતિ અને વંચિતોનો વિકાસ જેવા અનેક વિષયોનો ઉલ્લેખ માત્ર કરી સંતોશ પામવો પડશે. ત્રીજ સી છે, કમ્યુનિકેશન. આજે તો દેશના એમના આકરામાં આકરા ટીકાકારો પણ કબુલ કરે છે કે શ્રી નરેંદ્ર મોદી આઝાદ ભારતના સૌથી અસરકારક કમ્યનિકેટરોમાંના એક પ્રમુખ કમ્યુનિકેટર છે. એમની તુલના ગાંધી, સરદાર, નહેરું અને ઈંદિરા ગાંધી સાથે જુદી જુદી દ્રષ્ટિ અને સમયના પરિમાણોથી કરી શકાય. જેમ કે સોશિયલ મીડિયા જેવા તદ્દન નવા મીડિયા સાથે નરેંદ્રભાઈએ જે ત્વરા અને વ્યાપ્તિથી ઉપયોગ કર્યો તે ભારતને કોઈપણ વિકસિત દેશના નેતૃત્ત્વની કમ્યુનિકેશન લાક્ષનિકતાઓ અને વિલક્ષણતાઓ સાથે સરખાવી શકાય તેમ છે.

ચોથો સી છે, કરેજ. રાજકીય હિમ્મત અને અસાધારણ શૈલીથી પ્રજાકીય નિર્ણયો લેવા. દબાણ હટાવવા કે નોટબંધી જેવા અનેક નિર્ણયો છે જે ભારે રાજકીય હિમ્મત દર્શાવે છે. ઓક્ટ્રોય નાબુદીનો નિર્ણય કરવો કે કોઈ બહુ ભારેખમ નેતાને 'સાઈઝ'માં લાવી મુકવા જેવી અસાધારણ કહી શકાય એવી અનેક બાબતો છે જે દર્શાવે છે કે નેતૃત્ત્વે કેવી હિમ્મતથી કામ લેવું પડે છે.

પાંચમો સી છે કમિટમેન્ટનો. એક વખત શ્રી નરેંદ્રભાઈ નક્કી કરે એ કામ પાર પાડવા એ ઉદાહરણીય કમિટમેન્ટ બતાવે છે, એમનું ફોલો-અપ, ઝીણી વિગતોમાં જવાની ધીરજ અને યોગ્ય-માણસને યોગ્ય-કામ જેવા સિધ્ધાંતની બને ત્યાં સુધી જાળવણી. અહીં 'બને ત્યાં સુધી' એટલા માટે કે સરકારી તંત્રમાં હમેશાં યોગ્ય માણસ મળે એવું બનતું નથી. મને ખ્યાલ છે જ્યારે હું 'દાંડીકુટિર અને શાશ્વત ગાંધી' ઉપર કામ કરતો હતો ત્યારે એમણે વિગતો મેળવવી અને પ્રોત્સાહન આપવું બન્ને સાથે કરેલું. રીવરફ્રન્ટ પર ચાઈનીઝ પ્રેસીડેંટની વિઝિટ વેળાએ એક કાર્યક્રમના 'પરફેક્શન' માટેની તેમની નિસ્બત અદભુત અને અનુકરણીય હતી અને છે.

છેલ્લો સી છે, કેરીંગનો. એમના હદયમાંથી કરુણાનો એક પ્રવાહ તો ખેલમહાકુંભના એ પ્રસંગમાં છલકાયો જ્યારે દિવ્યાંગ ખેલાડીઓની પરેડ નિહાળી. અભિનેતા અક્ષયકુમાર આશ્ચર્યચકિત થઈ ગયેલા એમના હદયની આદ્રતા જોઈને... એમના સ્ટાફથી માંડીને ગરીબ બાળકો કે દિવ્યાંગ બાળકો સાથે એમની વત્સલતા જોઈએ ત્યારે એક રાષ્ટ્રીય નેતાની આભા અને પ્રતિભામાંના કારુણ્યનો ખ્યાલ આવે. આ છ બાબતોનું આ અતિલઘુ વૃતાંત છે, પણ શ્રી નરેંદ્ર મોદીના વ્યક્તિત્ત્વનું આ નવનીત છે.

યુગપરિવર્તક વિચારબદલાવ ..

શ્રી નરેંદ્રભાઈના પ્રશાસનમાં એવી અસંખ્ય બાબતો છે જે યુગને બદલી નાંખે. જેમ કે 'થીક્ર બીગ'. એ મહાત્મા મંદિર હોય કે સેન્ટ્રલ વિસ્ટા હોય.. સરદારની પ્રતિમા હોય કે વિશ્વમાં ભારતની પ્રતિભા અને સ્ટેટસની નોંધ લેવાય એવી વિદેશનીતિના નિર્ણયો હોય. પ્રસંગો અને પ્રોજેક્ટસમાં એમની દ્રષ્ટિ વૈશ્વિક અને આઉટ-ઑફ-બોક્ષ વિચાર પર આધારિત હોય છે. ઉદાહરણ તરીકે કેમ કોઈ પ્રધાનમંત્રીશ્રીને સ્વચ્છતાઅભિયાનનો વિચાર જ નહીં આવેલો. દિકરી પઢાવો જેવા સામાજિક જાગૃતિના કાર્યક્રમોએ જાહેર વહીવટની તસ્વીરને બદલી નાંખી છે. આ વિષય આજે માત્ર અંગૂલિનિર્દેશ કરે છે પણ દરેક ક્ષેત્રમાં લેવાયેલ નિર્ણયોથી કેવી રીતે પ્રશાસન એકવીસમી સદી માટે તૈયાર થાય એમાં એમના વ્યક્તિગત માર્ગદર્શન અને પ્રોત્સાહનથી કેવી ગતિ અને દિશા પકડાઈ છે એનું આલેખન અને ઉર્ધ્વગામીપણું આખી સદી પર પ્રભાવક સિધ્ધ થશે એમાં શંકા નથી.



નૂતનભારત, નૂતન વિશ્વ..

દુનિયા ૨૦૦૧માં આપણે ધારતા હતા એના કરતાં તદ્દન અલગ રીતે બદલાઈ રહી છે. ટેકનોલોજીનો જે રીતે વ્યાપ અને બદલાવ અસાધારણ ઝડપથી થઈ રહ્યો છે ત્યારે શ્રી નરેંદ્રભાઈ જેવા નેતૃત્ત્વની સૌથી વધુંજરૂર છે. કદાચ આખા પંચોતેર વર્ષના આઝાદીના કાર્યકાળમાં આવા પરિવર્તનકાળમાં જ દીર્ઘદ્રષ્ટિ અને ટેકનોસેવી નેતૃત્ત્વની આવશ્યકતા છે જે સહજ રીતે આ દેશને ઉપલબ્ધ થઈ છે. ભારતે નૂતન કેડી કંડારવાની છે, ટેકનોલોજી અને શિક્ષણ આ બે ક્ષેત્રોમાં 'નેશન-ફર્સ્ટ' સાથેની માનસિકતા સાથેની વૈશ્વિકતાનું સંવર્ધન કરવું પડશે. યુએનમાં અને બીજા વૈશ્વિક ફોરમોમાં જે રીતે ભારતી પ્રતિભા અને સ્ટેટસ સન્માન સાથે વધી રહ્યા છે તે એક એવા ભારતનું નિર્માણ કરશે જેનું વિશ્વમાં અનન્ય સ્થાન બની જશે. આજે રસીકરણની બાબતમાં વિશ્વના વિકસિત દેશો જે નથી કરી શક્યા એ ભારત કરી રહ્યું છે એની બધાએ નોંધ લેવી પડી છે.

જીવેત શરદઃ શતઃ।

આજે જે પ્રભાત ઉગ્યું છે એને કોઈ એક દિવસનું પ્રભાત ના ગણીએ. એકસોપાંત્રીસ કરોડ દેશવાસીઓની આશા અને આકાંક્ષાઓનું આ પ્રભાત છે. વેદાંતના અભ્યાસુ શ્રી નરેંદ્રભાઈ મોદી તો કહેશે, 'મૈં નહીં, હમ'. કશુંક સામુહિક કરીએ. સંકલ્પ કરીએ, પરિવર્તનનો, ગુણવત્તાસભર કાર્યસંસ્કૃતિનો, દેશભક્તિનો, આત્મનિર્ભરતાનો. એમને તો દિશાના દેવતાઓ શુભેચ્છા આપશે પણ સાચી શુભકામના તો દેશવાસીઓ આચારથી આપે, વિચારથી આપે, મનની શુધ્ધતા અને વિશાળતાથી આપે. ભારતને વિશ્વગુરુ બનાવવો હશે તો નરસિંહ મહેતાની પંક્તિથી શુભેચ્છા આપીએ, 'આજની ઘડી તે રળિયામણી... '

- ભાગ્યેશ જહા

# યાદશક્તિ, નિર્ણયશક્તિ અને કાર્યશક્તિએ ત્રણેય શક્તિઓ શ્રી નરેન્દ્ર મોદીના પ્રભાવી વ્યક્તિત્વની ઓળખ છે

યાદ શક્તિઃ વર્ષ ૧૯૮૧ થી ૨૦૨૧ સુધીનાં મારા ૪૦ વર્ષના સંબંધના સંભારણામાં મને શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વનું સૌથી મોટું અને મજબૂત પાસું લાગ્યું હોય તો તેમની યાદશક્તિ,નિર્ણયશક્તિ અને કાર્યશક્તિ. આ ત્રણેય શક્તિઓ તેમનાં પ્રભાવી વ્યક્તિત્વની ઓળખ છે. મારા ચાર દાયકાના ઓબ્ઝર્વેશનથી હું દાવા સાથે કહી શકું છું કે, દુનિયાના કોઈપણ લીડરમાં નહીં હોય તેવી પાવરફૂલ મેમરી મોદીજી પાસે છે. તેમને કોઈપણ પહેલીવાર મળે ત્યારથી તેનું નામ યાદ રહી જાય. કોઈપણ શહેર કે ગામમાં જાય ત્યાં અનેક લોકોને નામથી બોલાવે અને જાહેરસભામાં પણ વર્ષો પહેલાંના સંભારણાનો ઉલ્લેખ અવશ્ય કહે. સ્થાનિક વખણાતી વસ્તુ કે કોઈની દુકાનનું નામ કે ત્યાંના ઈતિહાસની વાત કરે. એક ઉદાહરણ તરીકે કહું તો, ધંધુકામાં આવે તો શ્રી પ્રફુલ્લભાઈ ભટ્ટ, જૂની કહેવત ''દિકરીને બંદુકે તેવી પરંતુ ધંધુકે ન દેવી'' તેમજ ધોળકામાં કાળીદાસ કાકા, નટુભાઈ,કનુભાઈ જોષી,રસિકભાઈ ફોટોગ્રાફરને વગેરેને યાદ કરે. ક્યાંક ચા કે આઈસ્ક્રીમની દુકાન કે પછી ક્યાંક ફલાણાંભાઈ ભજીયા-ગાંઠીયાનો ઉલ્લેખ કરે.

અમરેલીમાં પ્રવાસ હોય ત્યારે કવિ કલાપી થી લઈને જલારામબાપાના ગુરૂ પૂ.ભોજલરામ બાપા, ડો.જીવરાજભાઈ મહેતા, દુલાભાયા કાગ, કાનજી ભૂટા બારોટ, રમેશ પારેખ સુધીનો લોકોને યાદ કરે છે. કોઈપણને મળે ત્યારે તેઓ પરીવારના સભ્યોનાં નામ કે જે તે સંબંધિત કામ પણ યાદ હોય. સરકારી અધિકારીઓ સાથેની મિટીંગોમાં પણ યોજના,ફાઈલ કામ,સોંપેલ કામના સંદર્ભના જૂના રેફરન્સ યાદ હોય અને અધિકારીઓની સંપૂર્ણ માહિતી અને કાર્યશૈલી ખબર હોય એટલે અધિકારીઓ પણ તેમની યાદશક્તિને કારણે જ ડરતાં હતાં.



નિર્ણયશક્તિઃ મને વ્યક્તિગત પત્ર દ્વારા અને મૌખિક રીતે કહેતાં કે જાહેરજીવનમાં કામ કરવું હોય તો વ્યક્તિગત નિર્ણયશક્તિ ડેવલપ કરવી પડે. મને ધારાસભ્ય તરીકે યાદ છે કે, મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનાં તમામ ૧૮૦૦૦ ગામડાઓમાં ૨૪ કલાક વિજળી-જ્યોતિગ્રામ યોજનાનો વિચાર મૂકીને જાહેરાત કરી. તે સમયે કોંગ્રેસના શ્રી અમરસિંહ ચૌધરીએ શ્રી નરેન્દ્રભાઈને કહ્યું કે ૨૪ કલાક વિજળી માટે ફીડરો અલગ કરવા જેવી અનેક ટેકનીકલ સેટપ કરવું ખુબ જ અઘરૂં હોવાથી ગામડાંઓમાં ૨૪ કલાક વિજળી અશક્ય છે અને કોઈકાળે થઈ શકે નહી. તમે નવાં નવાં છો એટલે હું તેમને સલાહ આપું છું.

ત્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાંતિથી સાંભળ્યા અને કહ્યું કે, મેં દરેક ગામડાઓને ૨૪ કલાક વિજળી આપવાનો નિર્ણય અને સંકલ્પ લઈ લીધો છે. હવે હું આ નિર્ણયને પૂરો કરીને બતાવીશ. પછી તેમણે કદાચ વિધાનસભામાં પણ આ ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો. આજે તેમણે લીધેલ અઘરાં નિર્ણયને પૂર્ણ કર્યાં જેનાં ફળ આજે ગુજરાતના તમામ ગામોમાં ૨૪ કલાક વિજળીથી ઝળહળે છે. નર્મદા યોજનાનાં સંઘર્ષથી સફળતા સુધીનો ઈતિહાસ ગુજરાતની જનતાને યાદ છે. નર્મદા ડેમની ઊંચાઈ, કેનાલનું કામ, વિસ્થાપિતોનો પ્રશ્ન, નર્મદા વિરોધી કોંગ્રેસ અને મેઘા પાટકર સાથેના અન્ય પરીબળો સામેનો સંઘર્ષ, ત્રણ દિવસના ઉપવાસ અને પ્રધાનમંત્રી બન્યાં પછી ૧૭માં દિવસે નર્મદા ડેમના દરવાજા માટે સંમતિ આપવાના કાર્ય શ્રુંખલાઓમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીની રાજકીય ઈચ્છાશક્તિનું પરીણામ હતું.

પ્રારબ્ધને અહીં ગાંઠે કોણ ?
હું પડકારો ઝીલનારો માણસ છું.
હું તેજ ઉછીનું લઉ નહીં,
હું જાતે બળતું ફાનસ છું.

કાર્યશક્તિઃ રાષ્ટ્રહિત અને જનહિતને ધ્યાનમાં રાખીને શ્રી મોદીજીએ પોતાની કાર્યશક્તિ દ્વારા લોકાભિમુખ શાસન આપ્યું છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીની યાદશક્તિ અને નિર્ણયશક્તિ જેમ તેમની કાર્યશક્તિ પણ લાજવાબ છે. જે કામ હાથમાં લીધું હોય એના પર જ વધુ ફોકસ કરવું, પુરતું લેશન કરવું, પરિશ્રમ કરવો, ફોલોઅપ કરવું, ફીડબેક મેળવો એ તેમની વિશેષતા છે. સવારે વહેલા ઉઠવું, કામ સોંપવા માટે ફોન કરવાં, સવારે અલગ અલગ પ્રકારની મિટીંગોનો ક્રમ ગોઠવવો. આમ તેમણે પોતાની કાર્યશક્તિથી બીજાની કાર્યક્ષમતા વધારીને એક નવા પ્રકારનું 'વર્ક કલ્ચર' ઊભું કર્યુ છે.

'પૂર્વ આયોજન' અને 'પૂર્ણ આયોજન' આ શબ્દને તેમણે મૂર્તિમંત કર્યાં છે.કોઈપણ સંગઠન કાર્ય કે કાર્યક્રમની પૂર્વતૈયારી માટે પરીશ્રમ કરે અને લોકોને પણ કરાવે, લોકોને જોડીને કામ કરાવવું આ તેમની આગવી વિશેષતા છે. સંગઠનના પત્રકો અને ચોપડા લખવા માટે અનેક જીલ્લામાં તે સમયના મોટા-મોટા પદાધિકારીઓને પણ રાત્રે બે-ત્રણ વાગ્યા સુધી બેસાડયાંના અનેક પ્રસંગો કાર્યકર્તાઓને યાદ છે. વહેલી સવારે કામના સંદર્ભમાં ફોન કરે અને મોડી રાત્રે કામનું શું થયું? તેમનું ફોલોઅપ કરે. શ્રી નરેન્દ્રભાઈ મોદીને પાર્ટી જે કામ સોપ્યું હોય તેમાં દરેક લોકોને સતર્કતા અને સક્રિયતા રાખવી જ પડે. આવી કાર્યશક્તિને કારણે જ તેઓ લોકો સાથે 'એટેચ અને એકમેક' થઈ શક્યા અને 'સંકલ્પો'ને સિદ્ધ કરી શકયાં. શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૧માં જન્મદિવસે તેમની યાદશક્તિ,નિર્ણયશક્તિ અને કાર્યશક્તિ વધુને વધુ ઉજ્જવળ રહે તેવી હ્રદયપૂર્વકની શુભકામનાઓ.

- ભરત પંડયા